સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

આતંકની આંગળી પકડી, સત્તા પર બેઠા છે,
નાશ કરે કેમ ? જાતે આતંકી પાંજરે પેઠા છે,
અનિચ્છાએ લડવું પડશે આ કઠપૂતળાં ને -
પહેર્યો કાંટાળો તાજ, સેના સામે હાથ હેઠા છે...
(સેનાનું રમકડું - ઈમરાન)

હાઈકુ

છે ફિક્સ મેચ!
સેનાની શરતે જ
રમવું પડે !
(છો મળે બદનામી...)

જાવ દોડીને -
ને દો બેટની ભેટ!
વિના બોલાવે...
(સાડી-શાલમાં સંતાડી)

ચિંતન

નીતિશાસ્ત્રાનુગો રાજા:

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

નીતિમાનું અનુગમન કરવું એ જ રાજાની યોગ્યતા છે.

રાજનીતિમાં હેતુશાસ્ત્ર, દંડનીતિ, અને અર્થશાસ્ત્રનો સમાવેશ થાય છે. શાસનવ્યવસ્થા સાથે સંબંધિત વ્યક્તિઓને આ ત્રણેય શાસ્ત્રનું ઊંડું જ્ઞાન જોઈએ. રાજનીતિથી અજ્ઞાત શાસનાધિકારીઓ જે મનસ્વીપણે રાજ્ય કરે તો જટિલ સમસ્યાઓ ઊભી થાય અને પ્રજામાં વિદ્રોહ પ્રગટે. આથી રાજા અથવા સરકારે નીતિશાસ્ત્રો અનુસાર સાવધાનીપૂર્વક રાજ્ય કરવું જોઈએ.

આજે રાજનીતિ એટલે યેનકેન પ્રકારેણ સત્તા છીનવી લેવા માટે કુબુદ્ધિના કારસા અને છળકપટ કરવાં એટલો જ અર્થ છે.

રાજ્યના શાસકો - અધિકારીઓ 'નીતિજ્ઞ', ન્યાય-નિષ્ઠ અને સત્ય પથ પર ચાલનાર ન હોય તો વહેલા-મોડા પ્રજાના વિદ્રોહનો જરૂર ભોગ બને જ છે.

સુવિચાર

- 'આપવું' એ આપણી શક્તિની ઉચ્ચતમ અભિવ્યક્તિ છે - **એરિક ફ્રોમ**
- જિંદગીભર અર્ધધુમાડે સળગવા કરતાં એક વખત રાખ બની ફના થઈ જવું સારું - **ધૂમકેતુ**
- યંત્રના વિકાસ કરતાં આપણને માણસાઈના વિકાસની વધારે જરૂર છે - **ચાર્લી ચેપ્લીન**
- અનુભવની શાળા ઘણી મોંઘી છે, પણ મૂર્ખાઓને એ જ પસંદ પડે છે - **ફ્રેંકલીન રૂઝવેલ્ટ**
- માણસ તો ઘણા હોય છે, પણ માણસાઈ વિરલાઓમાં જ હોય છે - **પ્રેમચંદ**
- નિંદાનું હાસ્ય એટલે સાવ હલકી કક્ષાનું હાસ્ય,
  તે માણસને ખુદ ને હાસ્યસ્પદ બનાવી દે છે - **મેક્સિમ ગોર્કી**
- આજનું ઔષધ : અળાઈમાં ચંદનના ટુકડાને ગુલાબજળમાં ઘસી તેમાં ચપટી ફટકડીનો પાઉડર ભેળવી અળાઈ ઉપર લગાવવાથી રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

નાના દુઃખમાં નિરાશ થઈને એક યુવક એરિસ્ટોટલ પાસે પોતાની નાની સમસ્યાનું નિરાકરણ માંગવા ગયો. એરિસ્ટોટલે પેલા યુવાનની વાત સાંભળીને કહ્યું, 'તું જે સ્થિતિમાં મુકાયો છે તે જોતા તું મરી જાય એ જ સારું છે.' પેલા યુવાને પુછ્યું 'તમે તો સામે ચાલીને ને કહો છો કે મારે મરી જવું જોઈએ.' ત્યારે એરિસ્ટોટલે કહ્યું, 'જે લોકો નિરાશ બની ને જીવે છે તેમનું જીવન મોત કરતાં પણ બદતર કહેવાય છે. જો તું આશાવાદી બની શકે તેમ ન હોય તો તારું જીવન વ્યર્થ છે. એટલે તું મરી જાય એમાં કંઈ ખોટું પણ નથી.' પેલા યુવાનને આ વાત પર વિશ્વાસ ન આવ્યો અને એને થયું કે એરિસ્ટોલ મશ્કરી કરી રહ્યા છે એટલે ફરી વાર એ જ પ્રશ્ન કર્યો. એરિસ્ટોટલે જવાબમાં કહ્યું, 'આનંદ અને નિરાશા તો જીવનમાં આવ્યા જ કરતી હોય છે. ક્યારેક આપણે વિના કારણે માનસિક રીતે ઉદાસ બની જતા હોઈએ છીએ. નિરાશા આપણા જીવનનો અભિશાપ છે, જીવનના કાંટાળા રસ્તા પર ચાલતા પહેલા જ મોટાભાગના માણસો પોતાના હથિયાર નાખી દેતા હોય છે. આથી તેઓને પોતાની હાર સ્વીકારી લેવી પડે છે, આવા લોકોને દુનિયાની કોઈ તાકાત જીતાડી શકતી નથી. ખેડૂત જો એવું વિચારે કે આ વર્ષે વરસાદ નહીં પડે, મારો પાક નિષ્ફળ જશે. તો ખરેખર એવું જ બનતું હોય છે. નિરાશાના વિચારો આપણા ઉત્સાહને ખતમ કરી દે છે. આપણે એવું વિચારતા હોઈએ કે હું હારી જઈશ તો ખરેખર આપણે હારી જઈએ છીએ. જો આપણે એવું વિચારીએ કે જીતવા માટે હું આફત કરું છું, તો જરૂર આપણે જીતીએ છીએ.' યુવાનને એરિસ્ટોટલની વાત સમજાઈ.

અસ્થિ વિસર્જનની અદબ જળવાવી જોઈએ

તંત્રીસ્થાનેથી...

આપણી ભાષામાં એક કહેવત છે : હાથી જીવતો લાખનો, મૂએલો સવા લાખનો. આજે લાખ એ સામાન્ય માણસની રકમ બની ગઈ છે પણ કહેવત પડી હશે ત્યારે એનાં મૂલ્ય ઘણાં ઊંચાં હતા. મરેલા હાથીનાં દંતશૂળમાંથી હાથીદાંતના આભૂષણો બનતા. એ ખૂબ જ મોઘાં હતાં. આપણા મહાપુરુષો - પછી એ કોઈ પણ ક્ષેત્રના હોય, હાથી જેવા હોય છે. જીવતા હોય ત્યારે તો એમનું એક મર્યાદિત મૂલ્ય હોય છે, પરંતુ ગુજરી જાય છે ત્યારે મહામૂલી જણસ બની જતા હોય છે. અટલ બિહારી વાજપેયીને ભારતીય જનતા પાર્ટી આવી જણસ તરીકે મૂલવી રહી છે. એમનાં અસ્થિફૂલોનું દેશની તમામ પવિત્ર નદીઓમાં વિસર્જન કરી એ દિવંગત આત્માનું તર્પણ કર્યાનો લહાવો લૂંટી રહી છે. ખરું જોતાં અસ્થિ જળમાં પ્રવાહિત કરવાથી જ જળ પ્રદૂષિત થયું હોય છે. ગંગાજળમાં વિશિષ્ટ પ્રકારનું એસિડિક રસાયણ ભળેલું છે જેને કારણે ગમે તેવી ગંદકી ઠાલવવામાં આવે તો પણ અમુક અંતર પછીનું પાણી સાવ જ સ્વચ્છ બની રહે છે, આથી હજારો વર્ષોથી ગંગામાં અસ્થિફૂલો જ નહીં, અડધાં બળેલાં મડદાં વહેવડાવી દેવા છતાં આપણે ગંગાજળને પવિત્ર અને નિર્મળ સ્વરુપે સંઘરીએ છીએ. બધી નદીઓ ગંગા નથી. અત્યારે વિજ્ઞાન યુગમાં તો અસ્થિનું વિસર્જન માટીમાં કરી એના પર વૃક્ષ વાવવાં જરૂરી છે. વડાપ્રધાન મોદીના વતન વડનગરના વતની અને પ્રખર સર્વોદય અગ્રણી ડૉ. દ્વારકાદાસ જોષીનાં અસ્થિફૂલો એમના વડનગર સ્થિત વૃદ્ધાશ્રમનાં વૃક્ષોનાં મૂળમાં દાટી દેવામાં આવેલા. જો કે પરંપરા એટલી જડબેસલાક છે કે નાસ્તિક ગણાતા પંડિત નહેરુએ પોતાના અસ્થિત હિમાલયનાં શિખરો પર અને ગંગા પ્રવાહમાં વિખેરી નાખવાની અંતિમ ઈચ્છા દર્શાવેલી. અટલજીનાં અસ્થિની જેમ નહેરુનાં અસ્થિ લઈને કોંગ્રેસના તત્કાલીન નેતાઓ વરઘોડો કાઢી શકે એમ હતા. પરંતુ એ વખતે કોંગ્રેસની નેતાગીરી લાલબહાદુર શાસ્ત્રી અને મોરારજી દેસાઈ જેવાં પ્રચંડ નેતાઓ પાસે હતી. એમને ચૂંટણી જીતવા માટે નહેરુનાં હાડકાંની જરૂર નહોતી. રાષ્ટ્રીય નેતાના સન્માન પૂરતો અસ્થિ વિસર્જનનો કાર્યક્રમ યોજાય ત્યાં સુધી સમજી શકાય, પરંતુ એનો સુવાંગ અધિકાર સરકાર હસ્તક હોવા જોઈએ. અટલજીની અસ્થિ વિસર્જન પ્રક્રિયાને રાજકીય રંગ નહોતો ચડાવવો જોઈએ. એ એમના પરિવારનો વિશેષાધિકાર હતો. એને બદલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક રાજયના ભાજપ પ્રદેશ પ્રમુખને અસ્થિકળશ સોંપીને વાજપેયીની ઉમદા ઈમેજને વટાવવાનું જ કામ કર્યું છે. અસ્થિકળશો સોંપવા જ હતા તો જે તે રાજયના મુખ્યમંત્રીને કે રાજયપાલને સોંપવા જોઈતા હતા. ગુજરી ગયા પછી પણ અટલજીને ભારતીય જનતા પાર્ટી પોતાના અસ્કામત સમજે તે બરાબર નથી. અટલજી સમસ્ત રાષ્ટ્રના નેતા હતા, લોકનાયક હતા. એમનાં અસ્થિફૂલ કોંગ્રેસી શાસનવાળાં રાજયોમાં કોંગ્રેસી મુખ્યમંત્રીઓને સોંપવા જોઈતાં હતા. વળી એથીય આગળ વિચારીએ તો આપણે બધા જ નિરુત્તર થઈ જઈશું. જો અટલજીને એમની સભાન અવસ્થામાં એમના અસ્થિ વિસર્જન વિશે પુછાયું હોત તો એમણે કેવી ઈચ્છા દર્શાવી હોત ? એ હરગિજ પોતાના હાડકાંને રાજકીય રંગ ન લાગે એ રીતે અસ્થિ વિસર્જન કરવાની જ ઈચ્છા પ્રગટ કરત - એમાં શંકાને સ્થાન ખરું ? સરદાર પટેલે ક્યારેક પોતાની આભ ઊંચી અબજો રૂપિયાના ખર્ચે તૈયાર થનાર પ્રતિમા મુદ્દે સંમતિ આપી હોત ખરી ? ખાટલે ખોડ એ છે કે એ મૂઠી ઊંચેરી પ્રતિભાઓને સાચી રીતે સમજવા કરતાં વટાવી ખાવાની વૃત્તિ જ આપણા વામણા નેતાઓને આવા ઉપક્રમો તરફ દોરે છે.

સ્નેહત્રિકોણ - કર્દમ, દેવહૂતિ, કપિલ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

સરસ્વતી નદીને કિનારે બિન્દુસર પાસે યુવાન તપસ્વી સિદ્ધપુરુષ ઋષિ કર્દમનો આશ્રમ હતો. આઠેય સિદ્ધિઓ એને વહેલી હતી. જ્ઞાનની સાથે ભારોભાહર નમ્રતા હતી. આ વિસ્તારમાં એમની પ્રસિદ્ધિ હતી.

રાજકુમારી દેવહૂતિ પાસે આ પ્રસિદ્ધિ પહોંચી હતી. એ મહારાજ મનુ અને મહારાણી શતરૂપાની લાડકી દીકરી હતી. એણે મનોમન સંકલ્પ કરી નાખ્યો - 'ઋષિ કર્દમને જ પરણશે.' એક સમયે એણે માતાને પોતાનો સંકલ્પ જણાવી દીધો. પિતાએ કહ્યું, 'એક વાર કર્દમને મળીને એની દિનચર્યા જોઈ લઈએ.'

પ્રાતઃકાળના બ્રાહ્મમુર્હૂતમાં કર્દમના આશ્રમના દ્વારે મહારાજ મનુનો રથ ઊભો રહ્યો. સાથે શતરૂપા અને દેવહૂતિ. આ તો આશ્રમ હતો. આશ્રમમાં સૌ કોઈ અતિથિનું સ્વાગત કહોય. અતિથિને આવવા માટે નિશ્ચિત તિથિ ન હોય.

કર્દમે અતિથિઓનું સ્વાગત કર્યું અને યથાયોગ્ય ઊતારો આપ્યો. કર્દમની દૈનિક પ્રવૃત્તિઓને સૌએ નજીકથી નિહાળી. રાત્રે મનુએ જણાવ્યું. 'મને સંતોષ થયો છે. તમારાં બંનેના આખરી નિર્ણય શો છે ?' માતાએ સંતોષ વ્યક્ત કર્યો. દીકરીને ખાતરી થઈ 'પ્રસિદ્ધિને લાયક છે.'

બીજે દિવસે અતિથિઓ કર્દમને મળ્યા અને પોતાનો દેવહુતિ માટેનો પ્રસ્તાવ મૂક્યો. દેવહૂતિમાં ના પાડવા જેવું તો કાંઈ હતું જ નહીં. કર્દમે દેવહૂતિને જ કહ્યું, હું લગ્ન માટે સંમત છું. મારી શરત એક જ છે. 'જયારે સંતાન થશે ત્યારે તરત જ તમારી સંમતિ લઈને હું સન્યાસ ગ્રહણ કરીને વનપ્રસ્થાન કરી લઈશ.' દેવહૂતિએ શરત સ્વીકારી લીધી. માતાપિતાએ બંનેનાં લગ્ન કરાવી આપ્યા. આશ્રમમાંથી વિદાય લઈ લીધી.

દેવહૂતિએ રાજસી વૈભવ છોડી દીધો અને એક તપસ્વીની આશ્રમવાસિની થઈ ગઈ. કર્દમ માટે જેવો પ્રેમ હતો, એને અનુરુપ રીતે સેવાકાર્યમાં લાગી ગઈ. સેવામાં અને સેવામાં એણે પોતાના દેહની પણ પરવા ન રાખી.

કર્દમને ખ્યાલ આવ્યો. 'આ તો અંગત સુખનું પણ બલિદાન આપે છે.' એણે એના સુખ માટે પોતાની પ્રાકામ્યા અને ઈશિતા સિદ્ધિઓથી મહેલનું નિર્માણ કર્યું. પોતે પણ સુખેથી રહ્યા.

દેવહૂતિને એક સાથે નવકન્યાઓનો જન્મ થયો. હવે કર્દમને સન્યાસ લેવાનો હતો, પરંતુ દેવહૂતિની ઈચ્છા હતી. તેથી એણે પુત્રનો જન્મ થયો. પછી એણે સન્યાસ લીધો.

આ પુત્ર ભગવાન વિષ્ણુનો અંશાવતાર હતો. હવે દેવદૂતિ મહેલ છોડીને આશ્રમમાં આવી ગઈ. પુત્રનું નામ કપિલ હતું. કપિલ વિદ્યાદપમાં એના પિતાથી પણ ચડિયાતો થયો. સ્વયં ભગવાને સ્વીકાર્યું. 'સિદ્ધ પુરુષોમાં હું કપિલ છું.' કપિલ એના પિતાના વારસાને વધુ ઊજળ્યો બનાવ્યો.

હવે માતાને પોતાને જ્ઞાનની તરસ તીવ્ર બની. એણે કપિલને વિનંતી કરી. બંનેનું ઉપનિષદ શરૂ થયું. કપિલ ગુરુસ્થાને ઊંચે આસને બેસે. દેવહૂતિ એના પગ પાસે નીચે. એકદમ સરળ ભાષામાં કપિલ તત્ત્વજ્ઞાન સમજાવતા જાય. આ સાંખ્યદર્શન હતું. જ્ઞાનપ્રાપ્તિ સંપન્ન થઈ. આ ઉપદેશ કપિલગીતા તરીકે જાણીતો થયો.

જ્ઞાનપ્રાપ્તિ થયા પછી એને અનુરુપ દેવહૂતિનું જીવન વીત્યું. એનો નિર્વાણનો સમય આવી ગયો. કપિલ ઉપસ્થિત હતા. દેવહૂતિને મુક્તિ મળી ગઈ. કપિલના આશિષથી એણે જે દેહ મૂક્યો, તે નદીરૂપે પ્રવાહિત થયો. આસ્થળ સિદ્ધપદ બન્યું અને નગર સિદ્ધપુર. કપિલે પણ આ સ્થળનો ત્યાગ કરી દીધો.

બસ્તરની પર્વતમાળા કયા રાજયમાં આવેલ છે?

ભારતની ભૂગોળ

૧ કયો ખનિજ કોલસો ઉત્તમ પ્રકારનો ગણાય છે?
(અ) ચારકોલ (બ) એન્થ્રેસાઈડ
(ક) લિગ્નાઈટ (ડ) મેગ્નાઈટ

૨ નાગાર્જુન યોજના કઈ નદી પર આવેલ છે ?
(અ) કૃષ્ણા (બ) કાવેરી
(ક) દમણગંગા (ડ) રેવતી

૩ સમગ્ર ભારતમાં સૌથી વધુ પાતાળકુવા (ટ્યુબવેલ) કયા રાજયમાં છે ?
(અ) રાજસ્થાન (બ) મધ્યપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) ગુજરાત

૪ સૌથી વધુ બોકસાઈડ કયાં રાજયમાંથી મળે છે. ?
(અ) ગુજરાત (બ) રાજસ્થાન
(ક) ઉડીસા (ડ) આંધ્ર

૫ કયા બે રાજયો 'ઘઉંના ભંડાર' ? તરીકે જાણીતા છે?
(અ) પંજાબ - ગુજરાત (બ) હરિયાણા - ગુજરાત
(ક) પંજાબ - ઉત્તરપ્રદેશ (ડ) પંજાબ - હરિયાણા

૬ ભારતમાં ખ્રિસ્તીઓની વસ્તી નીચેનામાંથી કયા રાજયમાં વધુ છે ?
(અ) મહારાષ્ટ્ર (બ) તમિલનાડુ
(ક) ગોવા (ડ) કર્ણાટક

૭ લિંગ્દોહ ઉપવન કયા રાજયમાં આવેલ છે ?
(અ) અરૂણાચલ (બ) મેઘાલય
(ક) આસામ (ડ) નાગાલેન્ડ

૮ 'નેશનલ આર્કાઈઝ' સંગ્રહાલય કયાં આવેલું છે ?
(અ) દિલ્હી (બ) મુંબઈ
(ક) બેંગ્લોર (ડ) કોલકાત્તા

૯ જૈનોનું સમેતશિખર તીર્થધામ કયા રાજયમાં આવેલું છે ?
(અ) ઉત્તરપ્રદેશ (બ) હિમાચલ પ્રદેશ
(ક) બિહાર (ડ) મધ્યપ્રદેશ

૧૦ ગંડક યોજના કયા બે રાજયોની સંયુકત્ યોજના છે ?
(અ) હિમાચલ - ઉ.પ્રદેશ (બ) ઉ. પ્રદેશ - બિહાર
(ક) બિહાર - ઓરિસ્સા (ડ) ઉ. પ્રદેશ - મધ્યપ્રદેશ

૧૧ ભારતનું સૌથી મોટું કુદરતી બંદર કયું છે ?
(અ) વિશાખાપટ્ટનમ્ (બ) મુંબઈ
(ક) કંડલા (ડ) અલગ

૧૨ બસ્તરની પર્વતમાળા કયા રાજયમાં આવેલ છે ?
(અ) જમ્મુ - શ્રીનગર (બ) હિમાચલ પ્રદેશ
(ક) ઉત્તર પ્રદેશ (ડ) છત્તીસગઢ

૧૩ દિગ્બોઈ શા માટે જાણીતું છે ?
(અ) તેલ ઉત્પાદન (બ) કોલસા ઉત્પાતન
(ક) સ્ટીલ ઉત્પાદન (ડ) કાપડ ઉદ્યોગ

૧૪ 'ગ્રાન્ડ ટ્રંક રોડ' દેશના કયાં બે શહેરોને જોડે છે ?
(અ) દિલ્હી - આગ્રા (બ) દિલ્હી - કોલકાત્તા
(ક) દિલ્હી - જયપુર (ડ) લખનૌ - કોલકાત્તા

૧૫ વાલ્મિકી અને બેટલા વાઘ અભ્યારણ્યો કયા રાજયમાં આવેલ છે. ?
(અ) ઉત્તરપ્રદેશ (બ) પ. બંગાળ
(ક) આસામ (ડ) બિહાર

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૨૪ ઓગસ્ટ : વિશ્વ ગુજરાતી ભાષા દિવસ**
- નીડર પત્રકાર અને શૌર્ય કવિ નર્મદનો જન્મ દિવસ (૧૮૩૩)
- માનવ રહીત પ્રથમ વિમાનનું ઉડ્ડયન કરાયું (૧૯૭૭)
- યશોધર ન. મહેતાની જન્મજયંતિ (૧૯૦૯)
- **૨૫ ઓગસ્ટ :**
- ગેલેલીયોએ પ્રથમવાર ટેલિસ્કોપનું જાહેરમાં નિદર્શન કર્યું. (૧૬૦૬)
- વાસ્કો દી ગામા ભારતના કાલીકટ બંદરે ઉતર્યો (૧૪૯૮)
- તેજસ્વી વિચારક જયંતિ દલાલની પુણ્યતિથિ (૧૯૭૦)
- પોરબંદરનું રાષ્ટ્રીય સ્મારક કીર્તિમંદિર બંધાવનાર નાનજી કાલીદાસ મહેતાનું નિધન (૧૯૬૯)
- પ્રકૃતિવિદ હરિનારાયણ આચાર્ય 'વનેચર' નો જન્મ દિવસ (૧૮૯૭)
- **૨૬ ઓગસ્ટ :**
- ડાયનેમાના શોધક માયકલ ફેરાડેનું નિધન (૧૮૬૭)
- ઉલ્લાઉદ્દીન ખીલજીએ ચિત્તોડગઢ સર કર્યું (૧૩૦૩)
- મધર ટેરેસાનો જન્મદિવસ (૧૯૧૦)
- **૨૭ ઓગસ્ટ**
- ૨૦૦૧માં પદ્મવિભૂષણ મેળવનારા દાદાસાહેબ ફાળકો એવોર્ડ વિજેતા ફિલ્મ સર્જક ઋષિકેશ મુખરજીની પુણ્યતિથિ (૨૦૦૬)
- એચ.એમ. પટેલ (હિરુભાઈ મૂ. પટેલ) ની જન્મજયંતિ (૧૯૦૪)
- મા. આનંદમયીની પુમ્યતિથિ (૧૯૮૨)
- મનસુખલાલ ઝવેરીની પુણ્યતિથિ (૧૯૮૧)
- **૨૮ ઓગસ્ટ :**
- તત્ત્વચિંતક લીયો ટોલ્સ્ટોયનો જન્મદિવસ (૧૮૨૮)
- રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મદિવસ (૧૮૯૬)
- ગુજરાતના પ્રખર સમાજ સુધારક કરસનદાસની પુણ્યતિથિ (૧૮૭૧)
- ભાગ્યશ્રી સાઠે ચેસમાં ગ્રાન્ડ માસ્ટર જીતનારી પ્રથમ મહિલા બની. (૧૯૮૬)
- **૨૯ ઓગસ્ટ :** (રાષ્ટ્રીય રમતગમત દિવસ)
- ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાનો જન્મદિવસ (૧૮૮૭)
- જાણીતા સાહિત્યકાર મનુભાઈ પંચોળી (દર્શક)નું નિધન (૨૦૦૧)
- ધનસુખલાલ કૃ. મહેતાની પુણ્યતિથિ (૧૯૦૪)
- હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મદિવસ (૧૯૦૫)
- **૩૦ ઓગસ્ટ :** (લઘુ ઉદ્યોગ દિવસ)
- મશહૂર સંગીતકાર શૈલેન્દ્રનો જન્મદિવસ (૧૯૨૧)
- ગુરુરામદાસ ચોથા શીખ ગુરુ બન્યા (૧૫૭૪)
- અમેરિકા - ફિલીપિન્સે સુરક્ષા સંધી કરી (૧૯૫૧)
- નગીનદાસ પારેખની જન્મજયંતિ (૧૯૦૩)

ગત સપ્તાહના સવાલનો જવાબ

અટલ બિહારી વાજપેયી કઈ સાલમાં પ્રથમવાર વડાપ્રધાન બન્યા હતા ? જવાબ : સને ૧૯૯૬

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ, અમદાવાદ (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

તાજેતરમાં કયા દિગ્ગજ નેતાને જમ્મુ અને કાશ્મીરના ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

વિકલ્પથી ઉત્પન્ન થતું દુઃખ

રંગ-ઉમંગ
કાનન ઓઝા

'વિકલ્પોના સમૂહરૂપ કાદવમાંથી નીકળેલો આ આત્મા સદા સુખી છે અને તે વિકલ્પની જાળમાં રહેલો આત્મા સદા દુઃખી છે. આ વાતનો અનુભવ કરીને ખાતરી કરો.' અમને તો ખાતરી છે જ, પણ જેને ખાતરી ન થતી હોય, તેમણે જાતે અનુભવ મેળવી નિર્ણય કરવો.

વિકલ્પો કરવા તે મનનો ધર્મ છે. આત્માનો ધર્મ તેને જાણવાનો છે. આત્મા સાતા દૃષ્ટારૂપ પોતાના ધર્મમાં, પોતાના સ્વભામાં રહે તો સુખી થાય છે. પણ મનના ધર્મમાં માથું મારવા જાય, પારકી વસ્તુને પોતાની કરવા જાય તો ત્યાં માર ખાય એ સ્વાભાવિક જ છે. દરેક મનુષ્ય પોતે પોતાના સ્થાનમાં જ શોભા પામે છે. સ્થાનથી ભ્રષ્ટ થતાં સન્માન પામતો નથી. આ વ્યવહારું બાબત જેટલી સાચી છે. તેટલી જ આત્માના સંબંધમાં પણ સાચી છે. આત્મા પોતાના સ્વરુપમાં હોય તે વખતે એ વિશ્વનો બાદશાહ છે. જડ સ્વભાવવાળી માયાએ, તે વખતે તેના ચરણમાં શિર નમાવવું જ જોઈએ. પણ જયારે આત્મા પોતાના સ્થાનથી પતિત થઈ જડ માયામાં સુખ માની, તે લેવા ઘરની બહાર નીકળે છે, તે વખતે પ્રથમ મન અનેક વિકલ્પોની જાળ તેની આગળ - પાછળ ઉભી કરીને, આ સારું, આ નઠારું, આ મારું, આ પારકું, 'આ જોઈએ, આ ન જોઈએ, ઈત્યાદિ રાગ - દ્વેષવાલા વિકલ્પની જાળમાં ફસાવે છે. આત્માને ભાન ભૂલાય છે. સાતા દૃષ્ટપણા રૂપ પોતાનો ધર્મ ભૂલી કર્તા ભોકતા રૂપ બનેલા આત્મા એ મનનું કોકડું ઉકેલવા પ્રયત્ન કરે છે. પણ જેમ જેમ વધારે વિકલ્પો કરે છે. તેમ તેમ તેનું કોકડું વધારે ને વધારે ગૂંચવાતું જાય છે, આખરે શક્તિ ગુમાવી, ભાન ભૂલી આ માયાના ચકરાવામાં - વમળમાં ગોથા ખાધા કરે છે. પણ જો આત્મા પોતાના સ્વરુપમાં પાછો આવે તો જેમ હજારો વરસનું સ્વપ્ન આંખો ઊઘાડતા નાશ પામે છે તેમ અનંત કાળનું અજ્ઞાન કે લાંબા કાળની ભૂલો તરત જ સુધરી જાય છે. અને આત્મા પોતાના સ્વરુપમાં આનંદ કરે છે. સ્વરુપમાં પાછું આવવું એટલે હું અનંત શક્તિ વાત - સાતા - દૃષ્ટા રૂપ શુદ્ધ આત્મા છું. આ ભાન થવું. આમાં કાંઈ વધારે મહેનત નથી. ફક્ત દિશા બદલાવી નાખવી. પશ્ચિમ ભણી પગ ચાલે છે. તેને બદલે પૂર્વ સન્મુખ સુખ રાખવું એટલે પગ પણ પૂર્વ સન્મુખ ચાલવા માંડશે. માયા તરફની પ્રવૃત્તિને મૂકીને આત્મા તરફ પ્રવૃત્તિ કરવી એ દિશા બદલાવવા બરોબર છે, આટલું કરવામાં આવે તો આત્મ પ્રાપ્તિ સુગમ છે. આત્મ પ્રાપ્તિ થવી એટલે આત્મા કયાંથી મળી આવે છે એમ નહિ, પણ પોતે જ આત્મા છે, તેને ભાન થવું, તે આત્મા પ્રાપ્તિ થવા બરોબર છે. આ ભાન થયા પછી તેને ઉદ્દેશીને જ બધી પ્રવૃત્તિ કરતો હોવાથી તેની પ્રવૃત્તિ આત્મપ્રેમના પ્રમાણમાં થોડા કે ઝાઝા વખતમાં પોતાનું પૂર્ણ સ્વરુપ પ્રગટ કર્યા વિના રહેશે નહીં. 'હું શું જ્ઞાન સ્વરુપ છું', હું આત્મા છું, આ વાતનું સ્મરણ કરવું આ ભાન ટકાવી રાખવું તે આત્મસૂર્ય વાળી પૂર્વ દિશામાં પ્રયાણ કરવા બરોબર છે. આટલું કરવામાં આવે તો આત્મ પ્રાપ્તિ સુગમ છે. તેટલું કરવામાં ન આવે તો અનંત કાળે પણ આત્મપ્રાપ્તિ થવી દુર્લભ છે. આત્મપ્રાપ્તિ થવી એટલે આત્મા કયાંથી મળી આવે છે. એમ નહિ, પણ પોતે જ આત્મા છે, તેનું તેને ભાન થવું, તે આત્મપ્રાપ્તિ થવા બરોબર છે. આ ભાન થયા પછી તેને ઉદ્દેશીને જ બધી પ્રવૃત્તિ આત્મપ્રેમના પ્રમાણમાં થોડા કે ઝાઝા વખતમાં પોતાનું પૂર્ણ સ્વરુપ પ્રગટ કર્યા વિના રહેશે નહીં.

'હું શુદ્ધ જ્ઞાન સ્વરુપ છું,' હું આત્મા છું, આ વાતનું સ્મરણ કરવું, આ ભાન ટકાવી રાખવું તે આત્મ સૂર્યવાળી પૂર્વ દિશામાં પ્રયાણ કરવા બરોબર છે. આ સ્મરણ કરવામાં કલેશ થતો નથી. ધનનો વ્યય કરવો પડતો નથી, દેશાંતરમાં જવું પડતું નથી, કોઈને પ્રાર્થના કરવી પડતી નથી, બળનો ક્ષય થતો નથી, પરનો ભય નથી, પીડા ઉત્પન્ન થતી નથી, પાપની પ્રવૃત્તિ કરવી પડતી નથી. રોગનું કારણ નથી, જન્મ મરણનો હેતુ નથી, કોઈની સેવા કરવી પડતી નથી, અને ફળ ઘણું પ્રાપ્ત થાય છે. છતાં, ઓ વિદ્વાનો ! ઓ શાણાઓ ! આ તરફ તમારું લક્ષ કેમ ખેંચાતું નથી ? આનાદિકાળના આ માયાના પાશથી છૂટા થાઓ. તમારી અજ્ઞાનમાં મીચાયેલી આંખોને ખોલો.

મનુષ્ય જેનું સ્મરણ કરે છે તે તેને મળે છે. પથિક જે માર્ગે જાય છે તે જ નગર તેને પ્રાપ્ત થાય છે. તેમ આત્માનું સ્મરણ કરનારને જડ વસ્તુ પ્રાપ્ત થાય છે. આત્માના માર્ગે ચાલનાર આત્માના સ્થાનમાં જઈ પહોંચે છે. જડ માર્ગે ચાલનાર જડના સ્થાને જઈ પહોંચે છે. જે માર્ગ ઠીક લાગે તે માર્ગે ચાલો. વિશ્વમાં સર્વ માર્ગો ચાલનારા માટે ખુલ્લા છે.